# જન્મદિને વધામણી



જસ્મીન હર્ષદરાય જોષી
મો. ૯૮૨૫૩ ૨૨૯૦૨



દિવ્યાંગ ઓચ્છવલાલ શાહ

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે ફૉરેન એક્સચેન્જ માર્કેટ વિષયે વક્તવ્ય

ગાંધીનગર, તા. ૨૫

અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ દ્વારા એમકોમ સેમ-૩ના વિદ્યાર્થીઓ માટે ફોરેન એક્ષચેન્જ માર્કેટ વિષય અંતર્ગત એક્સપર્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. વિષય નિષ્ણાત તરીકે નિશિથ સંઘવાની (કંપની સેક્રેટરી) ઉપસ્થિત રહ્યા હતા. સવારે ૮થી ૧૦દરમિયાન કોલેજ કેમ્પસ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને ફોરેન એક્સચેન્જ બજાર દર, નક્કી કરવાની પધ્ધતિ, સ્થિર અને અસ્થિર દરોની બજાર પર અસરો, બજારનાં પરિબળો, ફોરવર્ડ એક્સચેન્જ, તે અંગેનાં જોખમો અને ભારતીય ફોરેન માર્કેટની સમજ જેવા જૂદા-જૂદા વિષયોની ઊંડાણપૂર્વકની માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ નિષ્ણાત દ્વારા પાઠવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રૉ. નીના ગણેશન દ્વારા વિભાગીય વડા ડૉ. જિજ્ઞેશ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ડિગ્રી એન્જિનીયરિંગ પ્રવેશમાં બીજા રાઉન્ડ પછી ૨૮૨૩૬ બેઠકો ખાલી

ગાંધીનગર, તા. ૨૫

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે પહેલો રાઉન્ડ પૂરો થયા બાદ બીજા રાઉન્ડ માટે વિદ્યાર્થીઓને ચોઈસ આપવાની સૂચના આપવામાં આવી હતી. ખાલી પડેલી અંદાજે ૩૩ હજાર જેટલી બેઠકો માટે વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે આજે વિદ્યાર્થીઓ કોલેજની ફાળવણી કરી દેવામાં આવી છે. જે વિદ્યાર્થીોને કોલેજની ફાળવણી કરવામાં આવી છે તેઓએ આગામી બે દિવસમાં જે તે કોલેજમાં ફી ભરવાની રહેશે. જેના આધારે આગામી દિવસોમાં ખાલી બેઠકોની વિગતો જાહેર કરવામાં આવશે. બીજા રાઉન્ડ પછી પણ આશરે ૨૮૨૩૬ જેટલી બેઠકો ખાલી પડી છે.

ડિગ્રી એન્જિનિયરિંગમાં પહેલો રાઉન્ડ પૂરો થયા પછી ૩૩ હજાર જેટલી બેઠકો ખાલી પડી હતી. જેના માટે બીજો રાઉન્ડ શરૂ કરાયો હતો. બીજા રાઉન્ડમાં કુલ ૨૦૮૩૭ વિદ્યાર્થીઓએ ચોઈસ આપી હતી. જુના વિદ્યાર્થીઓએ પણ પોતાને મળેલી બ્રાન્ચ અને કોલેજ બદલવા માટે દરખાસ્ત કરી હતી. જેના કારણે બીજા રાઉન્ડમાં કુલ ૩૦૮૮૬ વિદ્યાર્થીઓને મેરિટના આધારે કોલેજની ફાળવણી કરી દેવામાં આવી હતી. બીજા રાઉન્ડમાં કોલેજની ફાળવણી પછી આશરે ૨૮૨૩૬ બેઠકો ખાલી પડી છે. પહેલા રાઉન્ડમાં જેટલા વિદ્યાર્થીઓ પ્રવેશ મળ્યો હતો. તેની સામે બીજા રાઉન્ડમાં ૭૨૦૦ જેટલા નવા વિદ્યાર્થીઓએ જુદી જુદી બ્રાન્ચમાં પ્રવેશ લીધો હતો. બીજા રાઉન્ડમાં મેરિટમાં પહેલા ક્રમે આવતાં વિદ્યાર્થીઓએ ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટની આઈસીટી બ્રાન્ચમાં પ્રવેશ લીધો હતો. બીજા રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશની ફાળવણી કરવામાં આવી છે તેઓ આગામી તા.૨૮મી સુધીમાં જુદી જુદી કોલજેમાં જઈને ફી ભરીને પોતાનો પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.

# લીંબોદરા હાઈસ્કૂલ ખાતે શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

શ્રી લીંબોદરા સેવા સમાજ, અમદાવાદ સંચાલિત શ્રી પ્રબોધ પોપટલાલ રવચંદ શાહ હાઈસ્કૂલ, લીંબોદરા ખાતે શાળા પંચાયતની ચૂંટણી આચાર્ય તેજસિંહ પરમારની રાહબરી હેઠળ લોકશાહી ઢબે યોજાઈ હતી. ધોરણ-૬થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓએ વર્ગ પ્રતિનિધિઓ માટે મતદાન કર્યું હતું.

ત્યારબાદ ચૂંટણીનાં પરિણામો જાહેર કરવામાં આવ્યાં હતાં અને વિજેતા વર્ગ પ્રતિનિધિઓનો પરિચય સઘળા વિદ્યાર્થીઓ સમક્ષ કરાવવામાં આવ્યો હતો.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



બોપલના લક્ષ્ય સોસીયલ સર્વિસ ફાઉન્ડેશન દ્વારા વિરમગામના હાંસલપુર ચોકડી વિસ્તાર, સરાણીયાપરા, મીલ ફાટક ઉજીબાઈની ચાલી જેવા વિસ્તારોમાં પુરી, શાક, વઘારેલી ખીચડીના ભોજનનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ સેવા કાર્યમાં બોપલ ઘુમા નગરપાલીકાના કાઉન્સિલર રેખાબેન સરડવા, વૃશાલી દાતાર, ડો.દિપીકા સરડવા, ઉજ્વલા કાનડે, અંકિતા શર્મા, નીલકંઠ વાસુકિયા, વંદના વાસુકિયા સહિત તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામના કર્મચારીઓ જોડાયા હતા.

# સરકારી વિજ્ઞાન કૉલેજમાં યુથ અવેરનેસ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૫

સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગરના રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા સંચાલિત કેમિકલ સોસાયટી અને નોલેજ શેરિંગ ફોરમના સંયુક્ત ઉપક્રમે ટીવાયબીએસસી (રસાયણ શાસ્ત્ર)ના વિદ્યાર્થીઓ માટે યુથ અવેરનેસ વિષયે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કોલેજનો સમગ્ર શૈક્ષણિક સ્ટાફ એ ટીવાયબીએસસી (રસાયણ શાસ્ત્ર)ના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રસાયણ શાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. વાય એસ પટેલે સ્વાગત પ્રવચન અને અતિથિઓનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ સેમિનારના બે મુખ્ય વકતાઓએ પોતાનાં વક્તવ્યો આપ્યાં હતાં. નોલેજ શેરિંગ ફોરમના ફાઉન્ડર જિજ્ઞેશ દવેએ 'કેરિયર ડિઝાઈન ઍન્ડ નોલેજ' વિષયે અને મીડિપ્લેનેટ ઈન્સ્ટીટ્યુટનાં ડિરેક્ટર, નેહલબેન દવેએ 'વિમેન એમ્પાવરમેન્ટ એન્ડ એક્ટીવિટીઝ ઓફ મીડિપ્લેનેટ' પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું. આ વિભાગની બે વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા.

નોલેજ શેરિંગ ફોરમ તરફથી આ સેમિનારમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં અને મેડીપ્લેનેટ ઈન્સ્ટીટ્યુટ તરફથી પ્રતિભાવ આપનાર અને પ્રાર્થના રજૂ કરનાર વિદ્યાર્થીનીઓ મળી કુલ છ વિદ્યાર્થીનીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. સંસ્થાના આચાર્ય ડૉ. કે જી છાયાએ પ્રસંગોચિત ઉદ્બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિભાગના સિનિયર અધ્યાપક વાય ઍમ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આર જી - ઍસ બી પટેલ કન્યા શાળા ખાતે વાલીઓ સાથે મીટિંગનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સાથે ગુજરાત રાજ્ય જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના પેરા લિગલ વોલન્ટીયર્સ દ્વારા 'મેઈન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સિનિયર સિટીઝન એક્ટ-૨૦૦૭' વિષયે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પેરાલિગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈ, કેમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, વાલી પ્રતિનિધિઓ, વાલીઓ, આચાર્ય, સુપરવાઈઝર્સ તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત વિજ્ઞાન પ્રવાહના વિશ્વાસભાઈ દ્વારા શ્લોક ગાનથી કરવામાં આવી હતી. સ્વાગત-પરિચય પ્રવચન વિજ્ઞાન પ્રવાહનાં સુપરવાઈઝર ગીતાબેન દ્વારા આપવામાં આવ્યું હતું.

સુધીરભાઈ દ્વારા કાનૂની સેવા સત્તામંડળના કાર્ય-વિસ્તાર અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. વાલીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા. વાલી પ્રતિનિધિ તરીકે સાયન્સ વિભાગનાં નીલેષભાઈએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. સંજયભાઈ દ્વારા સ્કૂલની મોબાઈલ ઍપ અંગેની માહિતી વાલીઓને આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં રશ્મિબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) નવનિયુક્ત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના સચિવ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
(એ) સંજય ગુપ્તા
(બી) સંજય ત્રિવેદી
(સી) સંજય કોઠારી
(ડી) સંજય આનંદ

(૨) તાજેતરમાં પાકિસ્તાન દેશના કેટલા નાગરિકોને ભારત દેશની નાગરિકતા આપવામાં આવી છે?
(એ) ૧૧૪
(બી) ૧૧૫
(સી) ૧૧૬
(ડી) ૧૧૭

(૩) ૨૦૧૭ મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ દરમિયાન ભારતીય ટીમની ખેલાડી હરમનપ્રીત કૌરે નોટ આઉટ કેટલા રન બનાવ્યા હતા?
(એ) ૧૭૦
(બી) ૧૭૧
(સી) ૧૭૩
(ડી) ૧૭૪

(૪) પાંચમી ગ્લોબલ કોન્ફરન્સ ઓન સાઈબર સ્પેસ ૨૦૧૭નું આયોજન કયા સ્થળે કરવામાં આવ્યું છે?
(એ) પટના
(બી) મુંબઈ
(સી) ચેન્નઈ
(ડી) દિલ્હી

(૫) ૨૦૧૭માં પીએમઓના સંયુક્ત સચિવ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(એ) ગોપાલ બાગલે
(બી) અનુપ્રિયા પટેલ
(સી) કિરણ બેદી
(ડી) પ્રિયંકા પટેલ

(૬) વિશ્વના પ્રથમ તરતી પવન ચક્કી ફાર્મનો પ્રારંભ કયા દેશે કર્યો છે?
(એ) અમેરિકા
(બી) સ્કોટલેન્ડ
(સી) જાપાન
(ડી) ચીન

(૭) ૨૦૧૭માં પાંચમા સાઈબર સ્પેસ સંમેલનનું આયોજન કયા દેશમાં થશે?
(એ) નેપાળ
(બી) શ્રીલંકા
(સી) બ્રિટન
(ડી) ભારત

(૮) ૨૦૧૭માં વિશ્વ મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં કઈ ટીમ ચૅમ્પિયન બની છે?
(એ) ઓસ્ટ્રેલિયા
(બી) ઈંગ્લેન્ડ
(સી) ભારત
(ડી) પાકિસ્તાન

(૯) ૨૦૧૭માં મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડે કયા દેશની ટીમને પરાજય આપી વર્લ્ડ કપ જિત્યો હતો?
(એ) ભારત
(બી) પાકિસ્તાન
(સી) ઓસ્ટ્રેલિયા
(ડી) બાંગ્લાદેશ

(૧૦) ઈંગ્લેન્ડે કેટલામી વખત મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ જિત્યો હતો?
(એ) પ્રથમ
(બી) દ્વિતિય
(સી) તૃતિય
(ડી) ચતુર્થ

# સંબંધ અને સંપતિ : આપનાર વ્યક્તિ પણ ગમવી જોઈએ

મારા એક પરમ મિત્ર જે કચ્છની એક અગ્રગણ્ય એન. જી. ઓ. ની સહિત્યીક, સાંસ્કૃતિક અને પ્રકાશકીય પ્રવૃતિઓ ઘણા વર્ષોથી સાંભળે છે. સંસ્થાની પ્રવૃતિઓ અર્થે એમને ઘણીબધી સંસ્થાઓ, ટ્રસ્ટ અને ખાસ કરીને વ્યક્તિઓ પાસેથી દાન મેળવવા પડે કારણ કે એ સંસ્થાની મોટાભાગની સહિત્યીક, સાંસ્કૃતિક અને પ્રકાશકીય પ્રવૃતિઓ દાનની આવક ઉપર નિર્ભર હોય છે. એક વખત એ સંસ્થાના એક પ્રોજેકટ માટે એક દાતા તૈયાર થયા. દાનની રકમ પણ માતબર હતી પણ એ મિત્રએ એ દાતાનુ દાન સ્વીકારવાની ચોખ્ખી ના કહી દીધી. મિત્રએ એ દાતાનુ દાન સ્વીકારવાની ચોખ્ખી ના કહી એટલે એ પ્રોજેકટ સાથે સંકળાયેલી વ્યક્તિઓને ખૂબ જ આશ્ચર્ય થયું. દાન લેવાની ચોખ્ખી ના કહેવાનું કારણ પુછ્યું તો એ મિત્રએ સૌને વિચારતા કરી મૂકે એવો સુંદર ઉત્તર આપ્યો. એમણે કહ્યું કે દાન આપનાર વ્યક્તિ પણ અમને ગમવી જોઈએ.

સ્વીકારનાર વ્યક્તિને આપનાર વ્યક્તિ પણ ગમવી જોઈએ- દાન આપનાર વ્યકિત પણ ગમવી જોઈએ એનો અર્થ એ નથી કે આપનાર વ્યકિતની સુંદરતા કે દેખાવ ગમવો જોઈએ. અહી નથી ગમવાની વાત વિશાળ અર્થમાં છે. દાન આપનાર વ્યકિતની દાન આપવા પાછળની ભાવનાની વાત છે. એ ઉપરાંત જે પ્રવૃતિ માટે દાન લેવાનું હોય એ પ્રવૃતિમાં દાન આપનારની રુચિ, એ પ્રવૃતિમાં માટે દાન આપનાર નો લગાવ, એ પ્રવૃતિ માટે દાન આપનારની યોગ્યતા પણ મહત્વની હોય છે. એક ઉદાહરણ આપતા એ મિત્રએ કહ્યું કે એક વ્યસનમુકિત અને ખાસ કરીને ધૂમ્રપાન અને તમાકુની વ્યસનમુક્તિ માટે ગામડાઓમાં એક અભિયાન ચલાવવાનું હતું. એ અભિયાન માટે દાનની જરૂરિયાત હતી. પાન-બીડી તંબાકુનું ઉત્પાદન કરતાં એક માતબર ઉધ્યોગપતિએ તે અભિયાન માટે દાન આપવાની તૈયારી બતાવી પણ એ દાન ના સ્વીકાર્યું કારણ કે પાન-બીડી તંબાકુનું ઉત્પાદન કરતી પેઢી પ્રાયોજિત એ અભિયાન થાય તો વ્યસનમુક્તિનો સંદેશ જ કારગત ના નીવડે, ઊલટાંની લોકોના માનસ ઉપર તેની અવળી અસર થાય.



# આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

વિશ્વના મહાન નવલકથા-કારોમાં જેની ગણના થાય છે એવા અંગ્રેજ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સની ૧૮૬૧ માં પ્રકાશિત થયેલી જાણીતી નવલકથા ' ગ્રેટ એક્સ્પેક્ટેશન્સ' માં એક અનાથ બાળનાયકની વાત છે. પીપ નામનો એ બાળનાયક નાનપણથી જ સ્વપ્નો જુએ છે અમીર બનીને 'જેન્ટલમેન' બનવાના. તેનો ઉછેર તેની મોટી બહેન અને બનેવી દ્વારા થયો હોય છે. એક દિવસ લંડનનો એક વકીલ આવીને પીપને જણાવે છે કે તેને તેના એક હિતચિંતક અમીર પાસેથી લખલૂટ ધન-દૌલત વારસામાં મળશે. શરત માત્ર એટલી કે પીપ એ દાતાનુ નામ ક્યારેય જાણી શકશે નહીં. પીપના પાલક પિતાને વકીલનો એ પ્રસ્તાવ પસંદ નથી પડતો કારણ કે દાતાનુ નામ છૂપું હતું પણ પીપ એ પ્રસ્તાવ સહર્ષ સ્વીકારી લે છે કારણ કે તેને તો કોઈપણ ભોગે અમીર બનવાના અભરખા હતા. પોતે ધનવાન બન્યા પછી પોતે જે યુવતીને ચાહે છે એ ધનવાન યુવતી પણ પોતાને સહર્ષ સ્વીકારશે એવું પણ પીપ માને છે. અંતે પીપને જાણ થાય છે કે પોતાને જે વ્યક્તિએ ધન દૌલત વારસામાં આપી હતી એ વ્યક્તિ એક મોટી ગુનેગાર હતી જેને બચપણમાં પીપે મદદ કરી હતી. પીપને એક ગુનેગારની સંપતિ સ્વીકારવા બદલ અફસોસ થાય છે કારણ કે ગુનેગારે પોતાને બક્ષેલી અઢળક સંપતિના પોતે માલિક બન્યા પછી એ સંપતિના કારણે જ ઘણા બધા મિત્રો-સ્નેહીજનો સાથેના સંબંધો ગુમાવ્યા હતા.

મહાભારતના યુધ્ધ પહેલા શ્રીકૃષ્ણએ યુધ્ધ ટાળવાના છેલ્લા પ્રયાસ રૂપે કૌરવો સાથે વિષ્ટી કરવા માટે હસ્તિનાપુર ગયા હતા. એ સમયે શ્રી કૃષ્ણએ હસ્તિનાપુર રાજ્યના મહારાજ, કૌરવો, ધૃતરાષ્ટ્ર અને માતા ગાંધારીના અતિ આગ્રહ છતાં હસ્તિનાપુર રાજ્યના આમાત્ય વિદૂરજી અને તેની પત્ની પારશવીના મહેમાન થઈ તેઓનું યજમાનપદ સ્વીકારવાનું પસંદ કર્યું હતું. નહિતર અગાઉ ઘણી વખત શ્રી કૃષ્ણ કૌરવોના મહેમાન બની ચૂક્યા હતા.

પાંડવો જ્યારે બાર વર્ષ વાનમાં ગયા ત્યારે ભીષ્મ પિતામહ જેવા ભીષ્મ પિતામહના પ્રસ્તાવનો અસ્વીકાર કરીને માતાકુંતીએ બાર વર્ષ સુધી આમાત્ય વિદૂરજી અને તેની પત્ની પારશવીના મહેમાન થઈ તેઓનું યજમાનપદ સ્વીકારવાનું પસંદ કર્યુ હતું, કારણ કે ત્યારે પરિશ્થિતી જ એવી હતી કે માતાકુંતા ભીષ્મ પિતામહના પ્રસ્તાવનો સ્વીકાર કરે તો માતા કુંતી અને ભીષ્મ પિતામહ માટે અનેક ગણી વિટંબણાઓ વધવાની શક્યતાઓ હતી. કોઈપણ વ્યક્તિ તરફથી મળતું દાન કે વારસામાં મળતી સંપતિ સાથે એ આપનાર વ્યક્તિના જીવનમાં સંસ્કરણ થયેલા સંસ્કારો કે મૂલ્યો અને તેના જીવનના કર્મો એ દાન અને સંપતિ સાથે ધનિષ્ઠ રીતે જોડાયેલા હોય છે. તેને કારણે એ દાન કે સંપતિ સ્વીકારનાર વ્યક્તિના માનસ ઉપર પણ તેની સકારાત્મક કે હકારાત્મક અસરો થતી હોય છે. આપનાર વ્યક્તિના જીવનના મૂલ્યો અને સંસ્કારોમાં સાત્વિકતા હોય તો સ્વીકારનારનું જીવન ધન્ય ધન્ય બની જાય છે અને સાચા અર્થમાં એ દાન કે સંપતિનો આનંદ માણી શકે છે. માનવીય સંબંધોમાં પણ વ્યક્તિની પસંદગી ખૂબ જ મહત્વની હોય છે. વ્યક્તિના જીવનમાં જ્યારે કોઈના મહેમાન બનવાનો કે કોઈનું યજમાનપદ સ્વીકારવાનો પ્રસંગ આવે પ્રસંગ ત્યારે કોનું યજમાનપદ સ્વીકારવું અને કોનું ના સ્વીકારવું, સ્વીકારવું એ કઠિન નિર્ણય લેવી ખૂબ જ જરૂરી હોય છે. યજમાનપદ સ્વીકારવું તો ક્યારે અને ક્યાં સંજોગોમાં સ્વીકારવું એ નિર્ણય પણ ખૂબ જ અગત્યનો હોય છે કારણ કે એ નિર્ણયના આધારે ઘણીવાર વ્યક્તિના ભવિષ્યના નિર્ણયો આધાર રાખતા હોય છે. એવી જ રીતે પ્રેમ, ચાહત, લાગણી, સહાનુભૂતિ, વ્યક્તિને કોઈપણ સમયે, કોઈપણ વ્યક્તિ તરફથી મળી શકે છે. એ પ્રેમ, ચાહત, લાગણી, સહાનુભૂતિનો સ્વીકાર-અસ્વીકાર એ વ્યક્તિ ઉપર આધાર છે, એ વ્યક્તિની પોતાની પસંદગી છે. વ્યક્તિ જેની સાથે સંબંધો વિકસાવે એ વ્યક્તિના જીવનમાં સંસ્કરણ થયેલા સંસ્કારો કે મૂલ્યો સંબંધોને પણ પ્રભાવિત કરતાં હોય છે. કારણ કે સંબંધોની સાત્વિકતા વ્યક્તિના સંસ્કારો ઉપર જ આધારિત છે. એટલે જ એ વાત સો ટચના સોના જેવી છે કે સ્વીકારનાર વ્યક્તિને આપનાર વ્યક્તિ પણ ગમવી જોઈએ.